# શ્રીતાડ શું છે?

- શ્રીતાડ એટલે ખરેખર શ્રી લક્ષ્મીનું તાડ, લક્ષ્મી જેમ અનેક અદ્વિતિય લાભો આપે છે તેમ આ ઝાડ-પાન અજબ ગજબની વિશેષતાઓનો ભંડાર છે.
- શ્રી તાડ એ એક જાતનું Palm એટલેકે તાડ છે.
- Monocarpic Palm હોવાને કારણે જીંદગીમાં એક જ વખત ફળ આપે છે.
- સૌથી વધુ ફુલ વાળી ડાળનો વિશ્વ રેકોર્ડ આ પામને નામે બોલે છે.
- જ્યારે આ વૃક્ષ ઉપર ફુલ ખીલે છે ત્યારે એ દ્રશ્ય એટલું મનોરમ હોય છે કે - ઈન્ડીયન ઈન્સટીટ્યુટ ઓફ સાયન્સનાં રીસર્ચર ડૉ. સુભાષચંદ્રન શ્રી તાડ ઉપરના પોતાના લેખમાં લખે છે કે



શ્રી તાડનું ૧૯૦૩માં બનેલ ચિત્ર



An unusual sight appeared one day, a Talipot or Tali palm in full bloom. A gorgeous, creamy yellow inflorescence, perhaps unmatched in the size by any other plant on earth, sprang from the crown of the palm……

એક અસામાન્ય દ્રશ્ય ઉભુ થયુ, તાલી નું વૃક્ષ, ફુલ ખીલેલું, શાનદાર સોનેરી પીળાશવાળો ફાલ, કદ માં તો દુનિયાનો કોઈપણ વૃક્ષથી અતુલ્ય, વૃક્ષનાં બરોબર મધ્યમાંથી બહાર ઉછળ્યો.

# શું ઉપયોગ

- વિમાન વિદ્યા હોય કે જયોતિષ, એશીયાઈ પ્રદેશનો અદભૂત જ્ઞાન વિજ્ઞાનનો વારસો જેની ઉપર લખાતો અને તે આપણા સુધી પહોંચ્યો તે આ વૃક્ષનાં પત્ર યાને કે પાન.
- શ્રીતાડનાં પાનને સૌથી મજબુત અને સૌથી વધુ આયુષ્ય વાળુ પાન ગણવામાં આવ્યુ છે માટે જ શ્રીલંકા-લાઓસ વિગેરે દેશમાં હિંદુ હોય કે મુસલમાન, બૌધ્ધ હોય કે જૈન સાધુ આ વૃક્ષના પાંદડા પર પોતાના ગ્રંથો લખતા.
- આ જે આપણા ગુજરાતમાં હસ્તપ્રતો Manuscript નો અદ્ભૂત વારસો - ખજાનો જોવા મળે છે તેમાંથી મોટાભાગનો આ શ્રી તાડપત્ર ઉપર લખાયો છે.






- આ વૃક્ષના પાંદડાની ૧૦૦૦ થી ૧૨૦૦ વર્ષની આયુ ગણાય છે આજે પણ એક-એક હજાર વર્ષ જુના પાંદડા / ગ્રન્થો જોવા મળે છે.
- આટલું લાંબુ ટકવાની ક્ષમતા વાળુ દુનિયાનું બીજુ કોઈ પાંદડું નોંધાયુ નથી માટે જ આ વૃક્ષ કળાની દ્રષ્ટિએ અદ્વિતીય છે.
- એક શ્રીતાડના Mature Palm માં 250 Kg. ખાદ્ય સ્ટાર્ચ હોય છે. ઉત્તર કર્ણાટકનાં કેટલાય દુકાળ આ ઝાડનાં જોરે પસાર થયા છે. આમ ખાદ્ય સુરક્ષાની દ્રષ્ટિએ પણ ખૂબ મહત્વાપૂર્ણ વૃક્ષ છે. આ સ્ટાર્ચમાંથી પહેલા ગુલાલ પણ બનાતો.
- આ વૃક્ષનાં પાનમાંથી અનેક પ્રકારના હેન્ડીક્રાફ્ટ, છત્રી – ટોપીઓ બનાતી.





# ગુજરાતનું ગજબ જોડાણ

૧૧મી  શતાબ્દીમાં થઈ ગયેલા મહારાજા કુમારપાળે આ વૃક્ષોનું  એક વિશેષ ઉદ્યાન વિકસાવ્યું હતુ. અને એના પાંદડાને લઈને એ જમાનામાં ૭૦૦ લહીયાઓ પાસે દિવસનાં અંદાજે  ૨૧,૦૦૦ પાંદડા જેટલું લખાણ કરાવતાં.

ગુજરાતને નામે અમૂલ્ય સાહિત્ય વારસો મૂકી જનાર શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંત પાસે આ લહિયાઓ બેસતા અને તેમના લીંબુ છાળ શ્લોકોને  ફટાફટ  લખતા  જતા  હતા.

(લીંબુ છાળ એટલે એક લીંબુને સામાન્ય ગતિએ આકાશમાં ઉછાળવામાં આવે ત્યારથી લઈને નીચે પાછુ પડે ત્યાં સુધીમાં ૯ શ્લોકો  નવા બનાવી દેવા.)

હવે એક વખત બન્યુ એવુ કે રોજના ભારી માત્રામાં ઉપયોગને કારણે એક દિવસ વૃક્ષ ઉપર પાંદડા ખૂટી ગયા અને લેખન કાર્ય અટકી ગયુ. નવા પાન આવે ત્યાં સુધી રાહ જોવું થોડી કુમારપાળને પાલવે? લોકોમાં  પણ વાતો થવા લાગી કે આ ગુજરાતનાં ધણીની એટલી ક્ષમતા નહી કે વધુ વૃક્ષો રાખી શકે? જેથી નવા શાસ્ત્રો રચવાની પ્રવૃત્તિ ના અટકે? માટે તેમણે વનદેવતાની આરાધના કરી વૃક્ષોને નવપલ્લવિત કરવાની માંગ કરી અને વન દેવતાએ પણ પોતાનું કર્તવ્ય સમજી વૃક્ષો ઉપર નવા પાન ઉભા કરી દીધા. આમ શાસ્ત્ર રચનાની પ્રવૃત્તિ અટકી નહી અને ગુજરાનું ગૌરવ જળવાયું.





## આ વૃક્ષની વર્તમાન પરિસ્થિતિ

દુર્ભાગ્યે છેલ્લા કેટલાય વર્ષોથી આ વૃક્ષ પ્રત્યે લોકોનું ધ્યાન હટી ગયું છે. દુનિયાના કોઈ વૃક્ષમાં જે ગુણવત્તા જોવા ન મળે તેવુ અદ્વિતિય વૃક્ષ આજે સંરક્ષણની બૂમ પાડી રહયુ છે.

શ્રીલંકા- થાઈલેન્ડ વગેરે દેશોમાં જ્યા આ વૃક્ષનો સૌથી વધુ પ્રચાર છે ત્યાં પણ કોઈ પ્રયત્ન નથી થઈ રહયા.



આપણાં અદભૂત જ્ઞાન –વિજ્ઞાનનાં હજારો વર્ષોથી ચાલ્યા આવતા વારસાને વધુ હજારો વર્ષોનું આયુષ્ય આપવા આ ઝાડનું  સંરક્ષણ જરૂરી છે. આજે કેટલીય સંસ્થાઓ  આ વૃક્ષના પાંદડાઓ શ્રીલંકા-થાઈલેન્ડથી આયાત  કરી તેની ઉપર શાસ્ત્રો લખવાનું કાર્ય કરે છે. જેમાં હજારો લહીયાઓને રોજગારી મળી રહી છે. ત્યારે આશ્ચર્ય જનક વાત તો એ છે કે આ વૃક્ષનું મૂળ સ્થાન ભારત હોવા છતાંય આપણે બહારથી આ પાંદડા લાવવા પડે છે. અનો હવે તો એ દેશોમાં પણ આ વૃક્ષોની ભારે અછત છે. પરંતુ  કયાંય વિશેષ સંરક્ષણ પ્રત્યે ધ્યાન નથી અપાયુ અથવા વૃક્ષનાં  વિષયમાં ઉંડે નથી જવાયું.





IUCN નાં ૨૯ જાન્યુઆરી, ૨૦૧૦નાં સર્વે મુજબ તેમણે આ વૃક્ષને Data Deficient Category માં મૂકી દીધુ. અર્થાત આ વૃક્ષ ઉપર માહિતીનો અભાવ છે એટલે વૃક્ષ કેટલા બચ્યા છે? ક્યાં છે? વિગેરે કોઈ જ માહીતી નાથી. અને માટે એની ઉપર સાંશોધન કરવું જરૂરી છે.

માટે કમસેકમ આપણો જ્ઞાન – વિજ્ઞાન વારસો પણ એક આ સમય- પરિક્ષિત માધ્યમે સાચવવા આ વૃક્ષ નું સાંરક્ષણ ખૂબ જરૂરી છે.





ગુજરાત સરકારનાં પર્યાવિરણ પ્રત્યેનાં પાપોનું પ્રાયશ્ચિત તરીકે લખી શકાય તેવો સાંસ્કૃતિક વનનો    પ્રબંધ છે. જે આજનાં પર્યાવિરણ પ્રત્યેનાં વ્યાપક દુર્લક્ષ સેવતી જનતાને જાગૃત કરવામાં અસરકારક નીવડયો છે.

આ શ્રીતાડનું પણ Manu scriptology હસ્તપ્રત વિદ્યામાં એક ઘણું અગત્યનું પાસુ હોવાથી, વિશેષ સાંસ્કૃતિક જોડાણને કારણે આવતા વર્ષનું વન એક શ્રીતાડ વન બને તો?





# શ્રીતાડ વન

→અહીં શ્રીતાડના ઉંચા વૃક્ષો એક હરીયાળી Skyline, આકાશ રેખા સાર્જતા હશે.

→એક જ વૃક્ષને લઈને આખુ વન બનાવ્યુ હોય તેવુ કદાચ આ એક અનોખું ઉદાહરણ બનશે. ગુલાબ વિગેરે એક જ છોડનું આખું વન થયેલ છે પણ એક જવૃક્ષનું આ સાર્વપ્રથમ ઉદાહરણ હશે.

→અહીં પ્રવાસીઓને શ્રીતાડના સાંસ્કૃતિક મહત્વને સામજાવતો સાંસ્કૃતિક કક્ષ બનશે.







→ શ્રીતાડનાં છોડવા લોક –ઉછેર માટે  અપાશે.

→ શ્રીતાડની સાથે ગ્રંથો લખવામાં  ખૂબ ઉપયોગી એવા બરૂનાં ઘાસનું પણ સંવર્ધન કરાશે.



આ સાંસ્કૃતિક વનમાં વચ્ચોવચ્ચ કમળનું સરોવર બનાવાય, જ્યાં દેશ ભરમાંથી વિવિધ દેશી જાતનાં કમળો લાવી સંરક્ષણ સંવર્ધન કરાય.







  

→ આ કમલ સરોવર એક અવનાવું પાસુ રહેશે. લગભગ આ દિશામાં  સંરક્ષણનાં પ્રયાસો અલ્પ થયા છે.

→ અદ્‌ભૂત દેખાવ અને ગુણો ધરાવતા રકત - ચંદન - શિરિષ વિગેરેની  અસલ  જાતો લાવી સંવર્ધન કરાશે.

→ તળાવની પાળે બેસી અનેકરંગી કમળો જોતાં  વનરાજી નીહાળવાનો અદ્‌ભૂત આહ્‌લાદ હશે.

  

## આદર્શ જગ્યા

→ સ્હેજ ઢોળાવવાળી, આછી વનરાજીવાળી વિશાળ જગ્યા

→ ચાઈનાા નીDai Ethnic community  આ વૃક્ષને દેવતાઈ માની પૂજે છે.

વળી વિયતનામમાં આ પાંદડા ઉપર લખાવવાનું ફરી શરૂ થયુ છે, તથા  લાઓસમાં કેટલીક બુધ્ધિસ્ટ મોનેસ્ટ્રી આજે પણ શ્રીતાડ ઉપર લખી રહી છે  અનો ગુજરાત ની જ કેટલીક સંસ્થાઓ શાસ્ત્રો લખાવી રહી છે. આ  દ્રષ્ટીએ આવો કોઈક પ્રયાસ ખૂબ ધ્યાનાકર્ષક બનાશે માટે સાંસ્કૃતિક વનનું સ્થળ  અમદાવાદની શકય નજીક રાખવું જરૂરી.

→ આ વૃક્ષનું મોટાપાયે સંરક્ષણ જરૂરી હોઈ બને તેટલી મોટી જગ્યા મળે તો હિતકારી રહેશે.

  

## Planing On Map

જગ્યાનો નકશો-દિશાઓ તથા ઢોળાવને આધારે આખા ઉદ્યાનનું Planning નકકી થશે.

## Cost Planning

જગ્યાની સ્થિતિ-સમતળ બનાવવાની જરૂરિયાત, વૃક્ષોની સંખ્યા તથા બાંધકામની જરૂરને આધારે Cost નકકી થાય. પરંતુ મુખ્ય Component શ્રીતાડનાં વૃક્ષોનાં છોડવા નંગ દીઠ રૂા. ૭૦ થી ૮૦ વચ્ચે તૈયાર થાય તે માટે જુઓ Annexure – 1 (Cost ૧૦,૦૦૦ છોડવાને આધારે )